# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર **રિદ્ધિ પંચાલ** વાંચે છે.

******************************************************

- કેન્દ્રીય ચૂંટણી પંચે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ કરી છે.
- કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે 17 ઉમેદવારોની જ્યારે ભાજપે ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે 112 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.
- કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે દેશની ઉત્તર સરહદે આપણી સેનાના જવાનો સજ્જ છે અને ત્યાંની પરિસ્થિતિનો વાતચીત દ્વારા ઉકેલ મેળવવાના પ્રયાસો ચાલુ રહેશે.
- ભારતે અરુણાચલ પ્રદેશ રાજ્યના સ્થાનોના નામ બદલવા માટે ચીન દ્વારા સતત કરાતા પ્રયાસોની ટીકા કરી છે
- સર્વોચ્ચ અદાલતે ભ્રામક જાહેરાતોના કેસમાં પતંજલિ આયુર્વેદ સંસ્થા, આચાર્ય બાલકૃષ્ણ અને બાબા રામદેવની કડક શબ્દોમાં ટીકા કરી છે.
- FSSAI એ ઇ-કોમર્સ વેબસાઇટની મદદથી ઠંડા પીણા અને ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં એકમોને પોતાના ઉત્પાદનોને યોગ્ય શ્રેણીમાં મૂકવા નિર્દેશ આપ્યો.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC MYTH VS REALITY

કેન્દ્રીય ચૂંટણી પંચે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ  કરી છે. આ મંચ ચૂંટણી પંચની અધિકૃત વેબસાઇટ દ્વારા લોકો માટે ઉપલબ્ધ છે.

ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યું હતું કે આ મંચનો ઉપયોગ માહિતીની ચકાસણી કરવા, ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા, ગેરમાન્યતાઓને દૂર કરવા અને સાચી માહિતી વિશે માહિતગાર રહેવા માટે કરી શકાય છે.

. . . . . . . . . . .

# ECI--SPECIAL-OBSERVERS

ચૂંટણી પંચે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન દરેક ઉમેદવારને સમાન તક મળે એ અંગે સતર્કતા રાખવા  અને મહત્વનો પ્રતિભાવ મેળવવા માટે છ રાજ્યોમાં  ખાસ નિરીક્ષકોની નિમણૂંક કરી છે. જેમાં 7 કરોડથી વધુ વસ્તી ધરાવતાં પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહાર તથા વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તેવા આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં ખાસ નિરીક્ષકોની નિમણૂક કરાઇ છે.

આ ચૂંટણીમાં દરેક ઉમેદવારને સ્પર્ધાની સમાન તક મળી રહે તે માટે ચૂંટણીપંચે વિશેષ નિરીક્ષકોને કર્મચારીઓ, સુરક્ષા દળો અને વોટિંગ મશીનોના ચોક્કસ ક્રમ વગર દેખરેખ રાખવાનું મહત્વની કામગીરી સોંપી છે. તેઓ રાજ્યના મુખ્યમથકે અને સંવેદનશીલ વિસ્તારોમાં હાજર રહેશે. તથા દેખરેખ કામગીરી સાથે સંકળાયેલી વિવિધ એજન્સીઓના પ્રાદેશિક વડાઓ અને નોડલ અધિકારીઓ સાથે સંકલન કરશે. પંચે આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં ચૂંટણી ખર્ચની દેખરેખ માટે વિશેષ ખર્ચ નિરીક્ષકોની પણ નિમણૂક કરી છે.

. . . . . . . . . . .

## ECI TRANSFERS

ચૂંટણીપંચે આંધ્રપ્રદેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇને છ પોલીસ અને ત્રણ વહીવટીતંત્રના અધિકારીઓની બદલીના આદેશ આપ્યા છે.

ચૂંટણીપંચે સંબંધિત અધિકારીઓને પોતાનો કાર્યભાર તેમના પછીના અધિકારીને તત્કાળ સોંપવાનો પણ આદેશ આપ્યો છે.

એવી જ રીતે ચૂંટણીપંચે બિહારના ભોજપુર અને નવાડા જિલ્લાના પોલીસ વડા અને જિલ્લા મેજીસ્ટ્રેટની તત્કાળ બદલીના આદેશ આપ્યા છે.

આ ઉપરાંત ચૂંટણી પંચે આસામ, ઝારખંડ અને ઓડિશામાં પણ કેટલાક પોલીસવડાઓ અને જિલ્લા મેજીસ્ટ્રેટોની બદલીના આદેશ આપ્યા છે.

. . . . . . . . . . .

# ELECTION - LIST

કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે 17 ઉમેદવારોની વધુ એક યાદી આજે જાહેર કરી છે. આ યાદી મુજબ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એમ.એમ.પલ્લમરાજુ લોકસભાની કાકીનાડા બેઠક પરથી, જ્યારે આંધ્રપ્રદેશ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ વાય.એસ.શર્મિલારેડ્ડી કડપ્પા બેઠક પરથી તેમજ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી તારીક અનવર, બિહારની કથિહાર બેઠક પરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આંધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે 114 અને ઓડીશા વિધાનસભાની ચૂંટણી માટે 49 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

ભાજપે ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે 112 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જયનારાયણ મિશ્રા સંબલપુરથી પાર્ટીના ઉમેદવાર હશે, જ્યારે માનસ કુમાર દત્તા બાલાસોર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી

લડશે. સિતાંશુ શેખર મહાપાત્રા ભદ્રકથી અને કૃષ્ણા ચંદ્ર પાત્રા ઢેંકનાલ વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટણી લડશે.

. . . . . . . . . . .

## LADAKH-MEDICAL-AID

ભારતીય સેનાના તબીબો અને અર્ધતબીબી કર્મચારીઓએ લદ્દાખના કારગીલ ક્ષેત્રના અંતરિયાળ વિસ્તારમાં રહેતા નાગરિકોને તબીબી સારવાર પૂરી પાડી છે. ખૂબ જ દુર્ગમ અને પડકારજનક હવામાન ધરાવતા આ વિસ્તારમાં સેનાના તબીબોએ 80 પુરૂષો,  116 મહિલાઓ અને 20 બાળકો સહિત 216 નાગરિકોને જરૂરી તબીબી સારવાર અને સહાય પૂરી પાડી છે.

. . . . . . . . . . .

## RAJNATH-COMMANDER-CONFERENCE

કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે દેશની ઉત્તર સરહદે ઉભી થયેલી પરિસ્થિતિ હળવી બનાવવા સેનાના જવાનો પોતાના મૂળસ્થાને પાછા ફરે એ જરૂરી છે. જો કે આપણી સેનાના જવાનો સજ્જ છે અને પરિસ્થિતિનો વાતચીત દ્વારા ઉકેલ મેળવવાના પ્રયાસો ચાલુ રહેશે.

તેઓ આજે દિલ્હીમાં યોજાયેલી સેનાના કમાન્ડરોની પરિષદને સંબોધી રહ્યા હતા. તેમણે દેશની પશ્ચિમ સરહદે સેનાના જવાનોએ કરેલી કામગીરીને બિરદાવી હતી.

શ્રી સિંહે કહ્યું કે સેનાના જવાનો સરહદોનું રક્ષણ કરવાની સાથે સાથે આતંકવાદ સામેની લડાઇમાં અને તાકીદની પરિસ્થિતિમાં વહીવટીતંત્રને મદદરૂપ થવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

સંરક્ષણમંત્રીએ કહ્યું કે ભાવિ યુદ્ધોમાં પરંપરાગત પદ્ધતિની સાથે ટેક્નોલોજીનો ઉપયોગ મહત્વનો બની રહેશે, ત્યારે ઉદ્યોગોના સાથ સહકારમાં ભારતીય સેનાએ યુદ્ધ માટે જરૂરી નવી ટેકનોલોજી વિકસાવવા હાથ ધરેલા પ્રયાસો પ્રશંસનીય છે.

આ બેઠકમાં દેશની સરહદે  સલામતીની હાલની પરિસ્થિતિની સર્વાંગી વિચારણા કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# MEA--ARUNACHAL-PRADESH

ભારતે  અરુણાચલ પ્રદેશ રાજ્યના સ્થાનોના નામ બદલવા માટે ચીન દ્વારા સતત કરાતા પ્રયાસોની ટીકા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે  વધુમાં  જણાવ્યું હતું કે ચીનના આવા પ્રયાસોથી   અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે, એ વાસ્તવિકતા બદલાશે નહીં. અરુણાચલ પ્રદેશમાં સ્થાનોના નામ

બદલવાની ચીનની ઉશ્કેરણીજનક કાર્યવાહીને પગલે ભારતે આવી પ્રતિક્રિયા આપી છે.

ઉલ્લેખનીય છે કે વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકરે ગઇકાલે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે અને હંમેશા ભારતનું રહેશે.

. . . . . . . . . . . .

## IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે રમાનારી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ લખનૌ સુપર જાયન્ટ્સ સામે રમી રહી છે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થઇ છે. RCB એ ટોસ જીતી ફિલ્ડીંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ મળ્યા તે પ્રમાણે લખનૌએ 5 ઓવરમાં વિના વિકેટે 47 રન કર્યા છે. ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે હરાવ્યું હતું.

. . . . . . . . . . .

## SC - PATANJALI

સર્વોચ્ચ અદાલતે ભ્રામક જાહેરાતોના કેસમાં પતંજલિ આયુર્વેદ સંસ્થા, તેના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ અને તેના સહ-સ્થાપક

બાબા રામદેવની કડક શબ્દોમાં ટીકા કરી છે. સર્વોચ્ચ અદાલતની ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ એહસાનુદ્દીન અમાનુલ્લાહની સંયુક્ત ન્યાયપીઠે ભારતીય તબીબી સંગઠન દ્વારા પતંજલિ સામે કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન આવું કડક વલણ અપનાવ્યું હતું.

ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે પતંજલિના MD બાલકૃષ્ણ દ્વારા દાખલ કરવામાં આવેલ સોગંદનામાંની વિગતોથી અદાલતને સંતોષ થયો નથી, અને અદાલત આ ખુલાસાનો સ્વીકાર કરતી નથી. જોકે સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને બાલકૃષ્ણને એક સપ્તાહમાં ફરીથી સોગંદનામું દાખલ કરવાની તક આપી છે.

અદાલતે કેન્દ્રીય આયુષ મંત્રાલય પાસેથી અન્ય ઉપચાર પદ્ધતિઓનું અપમાન કરતી પતંજલિની જાહેરાત અંગે કાર્યવાહી કેમ કરાઇ નથી, તેનો ખુલાસો માંગ્યો છે.

. . . . . . . . . . .

# FSSAI---HEALTH-DRINK

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ FSSAI એ ઇ-કોમર્સ વેબસાઇટની મદદથી ઠંડા પીણા અને ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં એકમોને પોતાના ઉત્પાદનોને યોગ્ય શ્રેણીમાં મૂકવા નિર્દેશ આપ્યો છે. ડેરી ઉદ્યોગ અને અનાજ આધારિત ઠંડા પીણાના ઉત્પાદકો પોતાના ઉત્પાદનો આરોગ્યવર્ધક પીણાની શ્રેણીમાં મૂકીને વેચાણ કરતાં હોવાનું FSSAI ના ધ્યાનમાં આવ્યું હોવાથી આવા નિર્દેશ અપાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની યાદીમાં સ્પષ્ટતા કરાઇ છે કે અન્ન સલામતી અને ધારાધોરણો અંતર્ગત આરોગ્યવર્ધક પીણાની ચોક્કસ વ્યાખ્યા કરાઇ નથી. આથી સંબંધિત વ્યાપારી એકમોએ પોતાના ઉત્પાદનોનું વેચાણ આરોગ્યવર્ધક પીણાની શ્રેણીમાંથી તત્કાળ દૂર કરવાના નિર્દેશ અપાયા છે.

યાદીમાં જણાવ્યું છે કે ગ્રાહકો ઉત્પાદનો અંગે યોગ્ય  નિર્ણય લઇ શકે તે હેતુથી આવા નિર્દેશ અપાયા છે.

. . . . . . . . . . .

# REV.-CHHATTISGARH-MAOISTS-KILLED

છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં સલામતીદળોના જવાનોએ કરેલી કાર્યવાહીમાં ૭ માઓવાદીઓ ઠાર થયા છે. સીઆરપીએફ,  કોબ્રા બટાલિયન,  જિલ્લા અનામત દળ  અને ખાસ કાર્યદળના જવાનોએ સંયુક્ત રીતે બસ્તરના બીજાપુર જિલ્લાના જંગલોમાં શોધ કાર્યવાહી હાથ ધરી હતી., આ દરમિયાન માઓવાદીઓએ ગોળીબાર શરૂ કરતાં સલામતીદળના જવાનોએ કરેલી કાર્યવાહીમાં ૭ માઓવાદીઓ ઠાર થયા હતા.

સલામતીદળના જવાનોને ઘટનાસ્થળેથી એક લાઇટ મશીનગન, ગ્રેનેડ લોન્ચર અને અન્ય શસ્ત્રો મળી આવ્યા છે. ઘટનાસ્થળે સલામતીદળોના જવાનો હજી પણ તપાસ કરી રહ્યા છે.

. . . . . . . . . . .

# Train change

અમદાવાદ રેલવે સ્ટેશને પુનઃવિકાસની કામગીરી ચાલી રહી હોવાથી અમદાવાદથી ઉત્તરભારત તરફની કેટલીક ટ્રેનો તબક્કાવાર હવે સાબરમતી અને ગાંધીનગર રેલવેસ્ટેશનેથી આવાગમન કરશે.

વૈષ્ણોદેવી કટરાથી અમદાવાદ સુધીની અઠવાડિક એક્સપ્રેસ આજથી સાબરમતી સુધી ચલાવાશે અને સાબરમતીથી જ ઉપડશે. આ ટ્રેન આજે રાત્રે સાડા નવ વાગ્યે સાબરમતી પહોંચશે.

એવી જ રીતે લખનઉ અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ આજથી સાબરમતીથી ચલાવાશે. ગત 28મી માર્ચથી આજ દિન સુધીમાં અમદાવાદ-વારાણસી એક્સપ્રેસ, અમદાવાદ-ગોરખપુર અઠવાડિક એક્સપ્રેસ અને અમદાવાદ સુલતાનપુર અઠવાડિક એક્સપ્રેસનું આવાગમન કાલુપુરના બદલે સાબરમતીથી શરૂ થયું છે.

નવી દીલ્હી અમદાવાદ સુવર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ આગામી છઠ્ઠી એપ્રિલથી સાબરમતીથી ચલાવાશે.

આ ઉપરાંત અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ આજે રાત્રે નવ વાગીને 55 મીનીટે કાળુપુરના બદલે હવેથી ગાંધીનગરથી ઉપડશે.

એવી જ રીતે અમદાવાદ-જમ્મુતાવી એક્સપ્રેસ હવેથી ગાંધીનગરથી આવાગમન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .